(G.P.V.)-1389-2,00,000-09-2015-A-4
H.C.Cirs. Civil.P.P. 13,14, Circular
No. 30, Edition 1903].                    Civ.A 27g.

**ફો.કેસ નં. :– ૨૯૪/૨૦૨૬**
**આંક:– ૧૫**
**(શરૂ–૧૨:૧૧, પુર્ણ–૧૨:૩૬)**
**(FILE- C)**

ફરીયાદ તરફની સાહેદી નંબર (*PW No.*        )ની જુબાની
હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરું છું કે:–

| | |
|---|---|
| મારું નામ:– મુકેશભાઈ | પિતા/પતિનું નામ:– મગનભાઈ કૈલા |
| | ઉ.વ.:– ૫૫ |
| ધંધો:– પીવીસી પાઈપની ફેકટરી | સરનામુ:– આનંદ બંગ્લોઝ, રાણેકપર રોડ, હળવદ જી.મોરબી |

**સોગંદ આપ્યા.....**

**ફરીયાદ પક્ષે સરતપાસ વિ. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયા**

(૧) એક બે મહીના અગાઉ રાણેકપર રોડ ઉપર આનંદ બંગ્લોઝ સોસાયટી પહેલા લુંટ થયેલ હતી તે બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલુ તેમા હું સાક્ષી તરીકે રહેલો. આ પંચનામુ બપોરના એક થી દોઢના અરસામા કરેલુ. પહેલા જયાં બનાવ બનેલો ત્યાં પંચનામુ કરેલુ ત્યારબાદ રામવીલા બંગલોઝના પાણીના ટાંકા પાસે બાઈક પડેલ હતુ તેનુ પંચનામુ કરેલુ અને પોલીસ કુતરો લઈને આવેલા ત્યારે અમે સહી કરેલી. મને બાઈકનો નંબર ખબર નથી. પોલીસે ફોટા પાડેલ અને વિડીયો ઉતારેલ. પોલીસે ફરીયાદી રજનીભાઈ ભીખાભાઈએ બનાવ સમયે કોટ પહેરેલ હતો અને તે મરચાવાળો થયેલ તે કબજે કરેલ. મને એક સ્થાનીક જગ્યાના પંચનામાની ખરીનકલ બતાવવામા આવે છે જેમા પંચ ૧ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છુ જે પંચનામુ રજુ દાખલ **આંક–૧૬**. મને મુદામાલ બાઈક તથા કોટ બતાવવામા આવે તો હું ઓળખી શકુ. આરોપીપક્ષે મુદામાલ ઓળખ અંગે તકરાર નથી.

**આરોપી તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી એન.યુ.સોલંકી**

(૨) પંચનામુ કરવા ગયો હતો તેની તારીખ મને યાદ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું ત્યાંથી નીકળતો હતો ત્યારે ફરીયાદી

*એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,*
*હળવદ.*

અમારી સોસાયટીના હોવાથી મને ઉભો રાખેલો અને પંચનામા સહી કરાવેલી અને વિડીયો ઉતારેલો. એ વાત ખરી છે કે મને પંચ માટે પોલીસે નહી પરંતુ ફરીયાદીએ કહેલુ. આનંદ બંગ્લોઝથી મહર્ષી ગુરૂકુળ સ્કુલ પાંચસો થી સાતસો મીટર દુર છે. હું આનંદ બંગ્લોઝમા રહું છુ ત્યાંથી મહર્ષી ગુરૂકુળ પાસે પહોંચતા પાંચ મીનીટનો સમય લાગે. હું જમીને આશરે એક દોઢ વાગ્યાના સમયે નીકળેલ હતો. બનાવ સ્થળે પહોંચ્યો ત્યારે કેટલા વાગ્યે પહોંચ્યો તે અત્યારે મને યાદ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ત્યાંથી બાઈક હતી ત્યાં લઈ ગયેલા ત્યારે આશરે બે વાગ્યા હશે. બાઈકનો નંબર અત્યારે મને યાદ નથી. એ વાત ખરી છે કે હું બનાવ સ્થળે ગયો ત્યારે પોલીસે પંચનામુ લખી લીધેલ અને પછી મારી સહી કરાવેલી. એ વાત ખરી છે કે પોલીસે લખીને તૈયાર કરેલ પંચનામામા મારી તથા બીજા પંચની સહી લીધેલ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોલીસ ગાડીમા લખતી હતી અને પછી અમારા બે ની સહી કરાવી અમને છુટા કરી દીધેલ. તે સમયે રોડ અડધો બની ગયો હતો અને અડધામા કામ ચાલુ હતુ. બાઈક કઈ કંપનીનુ હતુ તેનો મને ખ્યાલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બાઈક જુનુ હતુ. એ વાત ખરી છે કે નંબર પ્લેટ વગર કોનુ બાઈક હતુ તે કહી શકાય નહી.

**ફેરતપાસ નથી.**

**સ્થળ:- હળવદ.**

**તારીખ:- ૧૭/૦૩/૨૦૬**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.